# SARDAR PATEL UNIVERSITY
VALLABH VIDYANAGAR - 388 120 (GUJARAT) INDIA

NAAC Re-Accreditation CGPA 3.25 Grade - 'A' (23-1-2017 to 22-1-2022)

Website: www.spuvvn.edu Fax: (02692) 230309, 226804


## For Graduate Programme after std.12 Arts & Commerce

ધોરણ ૧૨ સામાન્ય પ્રવાહનું પરિણામ તારીખ : ૧૫/૦૬/૨૦૨૦ના રોજ જાહેર થયેલ હોઇ સરદાર પટેલ યુનિવર્સિટીમાં ધોરણ-૧૨ પછીના સ્નાતક કક્ષાના વિવિધ અભ્યાસક્રમોમાં પ્રવેશ પ્રક્રિયા નીચે મુજબ રહેશે.

| તારીખ | વિગત |
|---|---|
| તા. ૨૨/૦૬/૨૦૨૦ થી તા. ૩૦/૦૬/૨૦૨૦ | યુનિવર્સિટી પોર્ટલ ઉપર તા. ૨૨/૦૬/૨૦૨૦ સવારે ૧૨.૦૦ કલાકથી વિદ્યાર્થી ઓનલાઇન ફોર્મ ભરી શકશે, તારીખ : ૩૦/૦૬/૨૦૨૦ને સાંજે ૫.૦૦ કલાકે ઓનલાઇન પોર્ટલ બંધ થઇ જશે. ત્યારબાદ વિદ્યાર્થી ઓનલાઇન ફોર્મ ભરી શકશે નહીં તથા ભરાયેલ ફોર્મની પ્રિન્ટ વિદ્યાર્થીએ રાખવાની રહેશે. (ઓનલાઇન ફોર્મ ભરવાના સમયે વિદ્યાર્થીએ પોતાનોજ મોબાઇલ નંબર તથા ઇમેઇલ આપવું) |
| ખાસ નોંધ | માર્ચ-૨૦૨૦માં ગુજરાત બોર્ડમાંથી ધો-૧૨ની પરીક્ષા પ્રથમ પ્રયત્ને પાસ કરેલ હોય તેવા વિદ્યાર્થીઓએ કોઇપણ દસ્તાવેજ અપલોડ કરવાના નથી. જયારે જે વિદ્યાર્થીઓએ માર્ચ-૨૦૨૦માં એક કરતાં વધુ પ્રયત્નથી પાસ કરેલ હોય તેમણે તમામ માર્કશીટો અપલોડ કરવાની રહેશે. અન્ય વર્ષમાં પાસ કરેલ વિદ્યાર્થીઓએ તથા અન્ય બોર્ડમાંથી ઉર્તિણ થયેલ વિદ્યાર્થીઓએ તેઓની ધો-૧૨ની પાસ-નાપાસની તમામ માર્કશીટો ફરજીયાત અપલોડ કરવાની રહેશે. |
| | સરદાર પટેલ યુનિવર્સિટીમાં અગાઉના વર્ષમાં પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીઓએ પુનઃ પ્રથમ વર્ષથી પ્રવેશ મેળવવો હોય તેવા વિદ્યાર્થીઓએ પહેલાં તેમનો જૂનો પ્રવેશ રદ કરાવવાનો રહેશે ત્યારબાદ નવું ફોર્મ ભરી શકશે. |
| તા.૦૬/૦૭/૨૦૨૦થી તા. ૦૭/૦૭/૨૦૨૦ | વિદ્યાર્થી પોતાનું પ્રોવિઝનલ મેરીટ યુનિવર્સિટી પોર્ટલ ઉપર સવારે ૧૨.૦૦ કલાકથી પોતાના લોગિન દ્વારા સ્ટુડન્ટ ડેસ્ક ઉપર જોઇ શકશે. તથા વિદ્યાર્થીને પોતાના માર્કસમાં કોઇપણ વિસંગતતા જણાયતો એપ્લીકેશન નંબર સહીત માર્કશીટ સાથે તુરંત યુનિવર્સિટીમાં ઇમેઇલ academic_spu@spuvvn.edu પર તા. ૦૭/૦૭/૨૦૨૦ ને સાંજે ૫.૦૦ પહેલા જાણ કરવાની રહેશે. ત્યારબાદ મેરીટ અંગેની કોઇપણ રજૂઆત ધ્યાને લેવામાં આવશે નહીં. |
| તા.૦૯/૦૭/૨૦૨૦થી તા. ૧૦/૦૭/૨૦૨૦ | વિદ્યાર્થી પોતાના લોગીન દ્વારા સ્ટુડન્ટ ડેસ્ક ઉપર પોતાના ફાઇનલ મેરીટની માહીતી મેળવી શકશે તથા મોકરાઉન્ડ દરમ્યાન વિદ્યાર્થીને ફળવાયેલ કોલેજની માહીતી પોતાના લોગીનમાં જોઇ શકશે. (નોંધ : આ મોકરાઉન્ડ હોવાથી કોલેજનું ફાઇનલ એલોટમેન્ટ નથી)<br>વિદ્યાર્થી મોકરાઉન્ડ દરમ્યાનના કટઓફ લીસ્ટનો અભ્યાસ કરી પોતાની કોલેજ પસંદગીનો ક્રમાંક તા. ૧૦/૦૭/૨૦૨૦ બપોરે ૧૨.૦૦ કલાક સુધી બદલી શકશે. ત્યારબાદ વિદ્યાર્થી પોતાની કોલેજ પસંદગી ક્રમાંક બદલી શકશે નહીં. |
| તા.૧૩/૦૭/૨૦૨૦ | બપોરે ૧૨.૦૦ કલાક બાદ પ્રથમ રાઉન્ડ દરમ્યાન વિદ્યાર્થીને મેરીટ પ્રમાણે કઇ કોલેજમાં એડમીશન મળે છે તેની વિગતો વિદ્યાર્થી પોતાના લોગીન દ્વારા સ્ટુડન્ટ ડેસ્ક ઉપર જોઇ શકશે. તથા પ્રવેશની માહીતી વિદ્યાર્થીને એસએમએસ દ્વારા અને ઇમેઇલમાં પણ આપવામાં આવશે. એકવાર પ્રવેશ નિશ્ચીત કરી એડમીશન મેમો જનરેટ કર્યા બાદ કોઇ બીજી કોલેજમાં પ્રવેશ મળશે નહીં અને પ્રવેશ પ્રક્રિયાના આગળના રાઉન્ડમાં જઇ શકશે નહીં.<br>જો વિદ્યાર્થીને મળેલ પ્રવેશ નિશ્ચીત કર્યા બાદ આગળના રાઉન્ડમાં ભાગ લેવો હોય તો વિદ્યાર્થીએ ફકત પ્રવેશ કન્ફર્મ કરી આગળના રાઉન્ડમાં ભાગ લેવાનું કન્ફર્મેશન આપવાનું રહેશે. (એડમીશન મેમો જનરેટ કરવો નહીં) |
| તા.૧૩/૦૭/૨૦૨૦થી તા. ૧૭/૦૭/૨૦૨૦ | વિદ્યાર્થીને પોતાની પસંદગી મુજબની કોલેજમાં મળેલ પ્રવેશ બાદ કોલેજની વેબસાઇટ ઉપર દર્શાવેલ એકાઉન્ટ નંબરમાં ઓનલાઇન ફી તારીખ : ૧૩/૦૭/૨૦૨૦ બપોરે ૧૨.૦૦ કલાકથી તારીખ : ૧૭/૦૭/૨૦૨૦ સાંજે ૪.૦૦ કલાક સુધીમાં ભરવાની રહેશે. |

ચાલુ..

| તારીખ | વિગત |
|---|---|
| તા.૨૦/૦૭/૨૦૨૦ | યુનિવર્સિટી દ્વારા કોલજવાઇઝ ખાલી રહેલ સીટોની માહિતી યુનિવર્સિટી વેબસાઇટ ઉપર પ્રસિદ્ધ કરવામાં આવશે. |
| તા.૨૧/૦૭/૨૦૨૦ અને તા. ૨૨/૦૭/૨૦૨૦ | કોલેજવાઇઝ ખાલી રહેતી સીટો ઉપર પ્રથમ રાઉન્ડમાં જે વિદ્યાર્થીઓએ પ્રવેશ મળેલ નથી તથા આગળના રાઉન્ડમાં જવા માટેનો વિકલ્પ પસંદ કરેલ છે તેવા વિદ્યાર્થીઓ પોતાની કોલેજ પસંદગી ક્રમાંક બદલી શકશે. |
| તા.૨૩/૦૭/૨૦૨૦થી તા. ૨૭/૦૭/૨૦૨૦ | બીજા રાઉન્ડ દરમ્યાન વિદ્યાર્થીને પોતાની પસંદગી મુજબની કોલેજમાં મળેલ પ્રવેશ બાદ મેમો જનરેટ કરી કોલેજની વેબસાઇટ ઉપર દર્શાવેલ એકાઉન્ટ નંબરમાં ઓનલાઇન ફી તારીખ : ૨૩/૦૭/૨૦૨૦ બપોરે ૧૨.૦૦ કલાકથી તારીખ : ૨૭/૦૭/૨૦૨૦ સાંજે ૪.૦૦ કલાક સુધીમાં ભરવાની રહેશે. |
| | જરૂર મુજબ આગળની કાર્યવાહી યુનિવર્સિટી દ્વારા જાહેર કરવામાં આવશે. |

નોંધ : ૧. યુનિવર્સિટી દ્વારા કોઇ કોલેજનું જોડાણ રદ કરવામાં કે સ્થગિત કરવામાં આવશે તો તેવી કોલેજોમાં વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવશે. નહીં.

૨. કોલેજોની બેઠકોની સંખ્યા યુનિવર્સિટી દ્વારા ફેરફારને પાત્ર છે.

કાર્યકારી કુલસચિવ

નંબરઃ ડી/ઈ/૧૦/૬૩૯
વલ્લભ વિદ્યાનગર
તારીખઃ ૧૯/૦૬/૨૦૨૦